Extra No. 178

REGISTERED No.L2/RNP/G/GNR/84
વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LII] THURSDAY, NOVEMBER 17, 2011/KARTIKA 26, 1933**

**Separate paging is givrn to this Part in order that it may be filed as a Separate Compilation**

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other Parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૧૭મી નવેમ્બર, ૨૦૧૧.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૨૫-૧૦-૨૦૧૧. ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૧૧નો૧૭૬-એનપીએલ-૪૫૧૦-૫૫૦૩-એમ : નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. એમ. ભાવસાર,
સરકારના સંયુક્ત સચિવ.

**Notification**

***Regarding***

**Amendment to the Gujarat Municipalities (Conduct of Election) Rules, 1994.**

**ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી**

**જાહેરનામું**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,**

**સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓક્ટોબર, ૨૦૧૧.**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંક : કેવી-૨૦૧૧નો ૧૭૬-એનપીએલ-૪૫૧૦-૫૫૦૩-એમ** :- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૯ની પેટા-કલમ (૨ક) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલો જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)થી ફરમાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિધ્ધિ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર સદરહુ મુસદ્દાના નિયમો વિચારણામાં લેશે;

૨. ઉપર્યુકત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને જે કોઈ વાંધો અથવા સૂચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

**જાહેરનામાનો મુસદ્દો**

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

**ક્રમાંક : કેવી-૨૦૧૧નો ૧૭૬-એનપીએલ-૪૫૧૦-૫૫૦૩-એમ** :- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૯ની પેટા-કલમ (૨ક) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના (સુધારા) નિયમો ૨૦૧૧ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, ભાગ-૪માં નિયમ ૫૨ પછી, નીચેનો નિયમ દાખલ કરવો :-

"૫૨ ક. (ઈ-વોટીંગ) ઇ-મતદાન અથવા ઓનલાઇન મતદાન :-

(૧) (ઓનલાઇન વોટિંગ) ઓનલાઇન મતદાન (જેનો આમાં હવે પછી, "(ઇ-વોટિંગ) ઇ-મતદાન" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) એટલે એવી પદ્ધતિનો ઉપયોગ કરવો કે જેમાં મતદાર ઇન્ટરનેટના માધ્યમથી ઈલેકટ્રોનિક સાધનનો ઉપયોગ કરીને પોતાનો મત આપી શકે.

(૨) ઇ-મતદાન માટે, બાયોમેટ્રિક ફોટો વોટર આઇડી કાર્ડ (ઓળખપત્ર) કાઢી આપવા માટે, મતદારની ઓળખ માટે, અંગૂઠાની છાપ અથવા આંગળાની છાપ અથવા આઇરિસ રેટિનલ સ્કેન, ડીએનએ અથવા રાજ્ય ચૂંટણી પંચ વખતોવખત નકકી કરે તેવા કોઇ બાયોમેટ્રિક, મામલતદાર અથવા એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટની હાજરીમાં મેળવવા જોઇશે.

(૩) રાજ્ય ચૂંટણી પંચે નીમેલા, મુકરર અધિકારીએ બાયોમેટ્રિક ફોટો વોટર આઇડી કાર્ડ (ઓળખપત્ર) કાઢી આપવા માટે, ઇ-મતદાર પાસેથી આવી માહિતી મેળવવી જોઇશે. મુકરર અધિકારીએ મેળવેલી માહિતી ગુપ્ત રાખવી જોઇશે અને જાહેર કરવી જોઇશે નહિ.

(૪) રાજ્ય ચૂંટણી પંચ, ઇ-મતદાન માટે (ઇ-પોલિંગ સ્ટેશન) ઇ-મતદાન મથકો જાહેર કરશે.

(૫) ચૂંટણી લડતા ઉમેદવારોના નામ અને તેમને ફાળવવામાં આવેલા ચિહ્નો સાથેનું મતપત્ર (બેલટ પેપર) ઈલેકટ્રોનિક સાધન અથવા વેબસાઇટ પર દેખાશે અને તે રાજ્ય ચૂંટણી પંચે અથવા રાજ્ય ચૂંટણી પંચે આ સંબંધમાં મુકરર કરેલા તેવા બીજા અધિકારીએ ઊભા કરેલા ઇ-મતદાન માટેના ઈલેકટ્રોનિક સાધન (સર્વર)માં પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

(૬) ઈ-મતદાન માટે વિકલ્પ આપનાર મતદાર (જેનો આમાં હવે પછી, "(ઈ-વોટર) ઈ-મતદાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને રાજ્ય ચૂંટણી પંચ દ્વારા પરવાનગી આપવામાં આવશે અને તે દરેક ચૂંટણીમાં ફકત એક વાર પોતાનો મત આપી શકશે.

(૭) (ક) ઈ-મતદાન નીચેમાંના કોઇ માધ્યમથી કરી શકાશે,-

(૧) ઈન્ટરનેટના ઉપયોગથી ઓનલાઈન;

(૨) તેના/તેણીના પોતાના મોબાઈલ દ્વારા શોર્ટ મેસેજ સર્વિસથી;

(૩) કોલ સેન્ટર આઈ.વી.આર. સિસ્ટમમાં ફોન કરીને;

(૪) મોબાઈલ બૂથ દ્વારા;

(૫) રાજ્ય ચૂંટણી પંચ વખતોવખત નકકી કરે તેવા બીજા કોઈપણ ઈલેકટ્રોનિક ઈન્ટરનેટ માધ્યમથી.

(ખ) રાજ્ય ચૂંટણી પંચ, ચૂંટણી હાથ ધરવા માટે ઉપયોગમાં લેવાનારી ઉપલભ્ય યોગ્ય ટેકનોલોજીના આધારે ખંડ (ક)માં ઉપર ઉલ્લેખેલા કોઇ એક અથવા એકથી વધુ વિકલ્પો નકકી કરશે. ઈ-મતદાનના અસરકારક અમલીકરણ માટે, રાજ્ય ચૂંટણી પંચને તેવા ધોરણો અને રીત ઠરાવવાની સત્તા રહેશે.

(૮) રાજ્ય ચૂંટણી પંચ, ઈ-મતદારે તેનો ઈ-મત કેટલી મુદતમાં અને સમયમર્યાદામાં આપવો જોઈશે તે નકકી કરશે અને જાહેર કરશે.

(૯) રાજ્ય ચૂંટણી પંચ, ઈ-મતદાનની ગુપ્તતા જાળવી રાખવાની તકનિકી ગોઠવણ કરશે.

(૧૦) ઈ-મતદારે પોતાનો મત જાતે જ આપવો જોઈશે અને બીજી કોઈ વ્યકિતના માધ્યમથી આપવો જોઈશે નહિ.

(૧૧) જેની ચૂંટણી હાથ ધરવામાં આવતી હોય તે વોર્ડના ઈ-મતદાર તરીકે જેનું નામ વોર્ડ રોલમાં નોંધાયેલું ન હોય તેવી કોઈપણ વ્યકિતનો (ઈ-વોટ) મત સ્વીકારવામાં આવશે નહિ.

(૧૨) ઈ-મતદાનની પદ્ધતિ નિષ્ફળ જવાના કિસ્સામાં, રાજ્ય ચૂંટણી પંચે આવી ચૂંટણીમાં ઈલેકટ્રોનિક વોટીંગ મશીન અથવા યથાપ્રસંગ, મતપત્ર (બેલટ પેપર)થી મતદાન કરવા દેવાની છૂટ આપવી જોઈશે.

(૧૩) ઈ-મતદાનની વિગતો જેમાં સંગ્રહિત થયેલી હોય તેવું ઈલેકટ્રોનિક સાધન (સર્વર) રાજ્ય ચૂંટણી પંચના અથવા આ અર્થે રાજ્ય ચૂંટણી પંચના અધિકૃત અધિકારીઓના નિયંત્રણમાં રહેશે. (ઈ-વોટ) મતોની ગણતરી કરવામાં આવે ત્યાં સુધી સદરહુ સાધનોમાં આપવામાં આવેલા મતો યોગ્ય રીતે સંગ્રહિત થયા છે તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય ચૂંટણી પંચે પૂરતી તકનિકી ગોઠવણ કરવી જોઈશે.

(૧૪) ચૂંટણી અધિકારીએ મત ગણતરીના દિવસે ઈ-મતદાનથી કરાયેલા મતોની ગણતરી માટે તકનિકી ગોઠવણ કરવી જોઈશે.

(૧૫) ચૂંટણી અધિકારીએ ઈલેકટ્રોનિક સાધન (સર્વર)માં નોંધાયેલા ઈ-મતદાનના માધ્યમથી અપાયેલા મતોની ગણતરી કરવી જોઈશે અને વોર્ડના બીજી પદ્ધતિથી અપાયેલા મતોમાં તેનો સમાવેશ કરવો જોઈશે."

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/-

અવાચ્ય/-
સરકારના ઉપસચિવ.

----------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.